સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૧

મફત ઘર-પ્લોટ હવામાંથી અપાઇ જાય છે,
શેરીએ શેરીએ જિલ્લા-તાલુકા સ્થપાઇ જાય છે,
સમાઇ ગયો છે કે-લાલ નેતાઓનાં ખોડિયામાં -
ટીપું લોહી નિકળ્યા વિના પ્રજા કપાઇ જાય છે
(કે.લાલ અમર થઇ ગયા)

હાઈકુ

વેંચાઇ ગયાં -
હાટ-બજાર-ગ્રામ્ય,
ખુદ્રા બજારે
(એફ.ડી.આઇ)

વાવો સપનાં -
- આકાશના તારાનાં,
ચૂટૈયેં તો ને!!
(વાયદા બજાર)

ચિંતન

શકોદ્યાન નિવાસિતામધિગતો દાતા સ કલ્પદ્રમઃ પાતાલં કિલ કામધેનુરપિ સા કામ પ્રસૂરન્વગાત્ । ઇત્યં વિશ્વસૃપ વિચિંન્ત્ય ચવનાગારા ધિકારાર્થિનઃ સદ્ધિધા નિધિરક્ષણાર્યમધુના વ્યાપારિણો નિર્મિતાઃ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણઃ 'વ્યાપારીઓ'નો આ શ્લોક છે :

'કલ્પવૃક્ષ પાસે જે કલ્પના કરો તે આપે એવું 'દાતા' વૃક્ષ ગણાય છે, એવું એ વૃક્ષ ઇન્દ્રના નંદનવનમાં ચાલ્યું ગયું; અને બધી જ કામનાઓને પૂર્ણ કરનાર કામધેનુ ગાય પાતાળમાં ચાલી ગઇ, એટલે હવે પૃથ્વી પર કોઇ દાનવીર દાતા રહ્યું નહી, તો હવે વિદ્વાન-પંડિતોનો જીવન નિર્વાહ કોણ નિભાવશે? એમ વિચારીને વિશ્વકર્તાએ ચવનોના-રાક્ષસોના ઘરમાં-પણ પોતાના અધિકારને ઇચ્છનારા એવા 'વેપારીઓ' નું સર્જન કર્યું.'

'વેપારી' પાસે સાહસવૃત્તિ અને બુધ્ધિ, હિંમત અને આવડતથી રોકાણ અને નફો મેળવી લેવાની આવડતને કારણે ગમે તેવા સંજોગોમાં પણ પોતાનો નફો તો મેળવી જ લે છે.

આવી, કમાણીમાંથી પણ સમજુ વેપારી હંમેશાં દસ ટકા ધર્મ-પૂણ્ય-દાન કાર્યમાં જરૂર ઉપયોગ કરતા હોય છે અને પરિણામે વિદ્વાન-પંડિતોનું ગુજરાન સરળ રીતે ચાલે છે.

વિશ્વકર્તાએ 'વ્યાપારીઓ'નું સર્જન જ ધર્મ અને સંસ્કૃતિ ટકાવવા કર્યું છે.

સુવિચાર

- કોઇ ચીજ પોતે સારી કે ખરાબ હોતી નથી, તમારી વિચારવાની દૃષ્ટિ જ તેને સારી કે ખરાબ બનાવે છે - શેક્સપિયર
- સારી રીતે વિચારવું એ ઉત્તમ છે, પણ એ મુજબ આચરણ કરવું એ શ્રેષ્ઠ છે - હોરેસમાન
- સુવિચારની સૌરભ કદી નષ્ટ થતી નથી, વિચાર સદાય સનાતન છે- રોહિત શાહ
- એક સારો વિચાર અનેક ખરાબ વિચારને અટકાવે છે - કોલ્ટન
- વિચાર અને તેના અમલીકરણ વચ્ચે આવતા તેના સમયગાળાને શક્ય એટલું જલ્દી દૂર કરો, તમારાં સપનાં ત્વરિત સિધ્ધિ પામશે - રૂસો
- વિચાર, વાણી અને વર્તનમાં જેટલું સાત્ત્વિક સંકલન એટલો સત્સંગ સફળ - શ્રી રંગ અવધૂત
- આજના યુવાનોમાં વિચાર શૂન્યતાનું જન્મસ્થળ મોબાઇલ અને ઇયરફોન છે - એસ.ભટ્ટાચાર્ય

બોધ કથા

જ્ઞાનનું ક્ષેત્ર વિશાળ છે બધાને કંઇ બધી બાબતનું જ્ઞાન ન હોય કોઇ કારીગર કોઇ બાબતમાં નિષ્ણાંત હોય તો બીજા કોઇ ક્ષેત્રમાં સાવ અજ્ઞાન હોય, એક ડોકટર પણ હવે તો કાન-નાકના જાણકાર હોય તો 'આંખ'માં અજ્ઞાન હોય! હાડકાંની એને ગતાગમ પણ ન હોય એવું બને... એટલે જ્ઞાન તો જ્યાંથી મળે-એના નિષ્ણાંત-જાણકાર પાસેથી લેવું એમાં નાત-જાત-વય-ઊંચ-નીચ-નાનો-મોટો કંઇ જ જોવાય નહીં!

શ્રી મહાદેવ ગોવિંદ રાનડે બંગાળમાં ન્યાયાધીશ તરીકે ગયા, લાંબો સમય રહેવાનું હતું તેથી સ્થાનિક બંગાળી ભાષા જાણવી જોઇએ એમ વિચારી બંગાળી ભાષાના પ્રાથમિક પુસ્તકો લાવી જાતે અભ્યાસ કરવા લાગ્યા. જ્યારે ન સમજાય ત્યારે કોઇ વકીલ, કલાર્કને પણ પૂછી સમજી લેતા હતા.

એક શનિવારે રાત્રે મોડે સુધી અભ્યાસ કર્યો, અમુક શબ્દો નોંધી રાખ્યા, સવારે નાચી આવ્યો, દાઢી કરતાં એ શબ્દોની યાદી કાઢી અને એ શબ્દોનો અર્થ પૂછ્યો.

નાચીએ, એ બધા શબ્દોનો અર્થ કહી બતાવ્યા - 'રાનડે ખૂશ થઇ ગયા.'

પત્ની ત્યારે ચા આપવા આવ્યાં હતા.

નાચીના ગયા પછી પત્નીએ મજાક કરી, ન્યાયમૂર્તિ તમે તો નાચી પાસે પણ ભણવા બેસી ગયા.

શ્રી રાનડેએ કહ્યું, દત્તાત્રયને હજાર ગુરૂ હતા. મારી યાદી એનાથી લાંબી થાય તો મને વાંધો નથી.

સુરેશ એ સુરેશ છે, રમેશ નહીં !

વ્યક્તિત્વની વિશિષ્ટતાને પિછાનીને એને અનુરૂપ ઑપ ચઢાવવામાં આવે છે, ત્યારે એ કંચનની માફક દીપી ઊઠે છે...

સરખામણી અને સરખામણી... હા, તુલના જીવનમાં ઘડીએ ઘડીએ થતી હોય છે, આપણું મન જાણે અજાણે સરખામણી કરતું રહે છે.

માણસને પોતાની પાસે જે કંઇ છે એની કિંમત, તેનું મૂલ્ય - ઓછું લાગે છે. જે તેની પાસે નથી - જેની ઊણપ છે, એ પ્રાપ્ત કરવા માટે ઝંખે છે.

સરખામણી બહારના લોકો સાથેની રમેશભાઇના દીકરા કરતા તારા ટકા ઓછા કેમ આવ્યાં? અથવા તો પુષ્પા બહેનની દીકરીને તો કેવું ભર્યું-ભર્યું સાસરું મળ્યું છે! આપણી કાર કરતા પાછળવાળાની કાર વધુ સારી છે... આપણા ઘરે જે પેઇન્ટ કરાવ્યો છે, તે કરતા તો બીજાના ઘરે વધુ સારો કલર થયો છે...

ઘણીવાર આવી તુલનાના કારણે ઘરમાં આવેલી ખુશી, પણ દુઃખમાં ફેરવાય જાય છે... ખાસ કરીને ભણતા વિદ્યાર્થીઓના માતા-પિતા તો ચોક્કસ પણે આવી તુલના - સરખામણી કરી કરીને ચબરાક છોકરાને પણ બંડખોર બનાવી મૂકે છે.

વળી, ઘણીવાર માતાપિતા પોતાના બાળકો વચ્ચે સરખામણી કર્યા કરતાં હોય છે... 'અરૂણ ખૂબ જ કહ્યાગરો અને મહેનતું છે... જ્યારે મહેશ તો સાવ અવળચંડો.. ભણવામાં પણ બેધ્યાન.'

સતત થતી આવી સરખામણીનું પરિણામ ભયંકર આવતું હોય છે... ધીરે ધીરે મહેશ સાવ આત્મવિશ્વાસ જ ગુમાવી બેસે છે...

એક પ્રકારની લઘુતાગ્રંથિ બંધાઇ જાય છે... મહેશનું નિજત્વ વિકસાવવાના બદલે કુંઠિત કરી નાખ્યું.

આપણે જ્યારે બે બાળકો વચ્ચે કે બે વ્યક્તિઓ વચ્ચે વખતો વખત તુલના કરીએ છીએ ત્યારે જીવનનું મોટું સત્ય વિસરી જઇએ છીએ કે ઇશ્વર રચિત આ દુનિયામાં કોઇ પણ વ્યક્તિ અથવા તેમણે બનાવેલી બીજી કોઇ રચના સરખી નથી... બધાની ભિન્ન ભિન્ન ઓળખ છે...

તાજમહાલનું સૌંદર્ય દિલને સ્પર્શી જાય તો, સરદાર સરોવર ડેમ જોઇને કંઇ અલગ જ રોમાંચ થાય છે, એ બે કૃતિ વચ્ચે કોઇ તુલના થોડી કરી શકાય? બંનેના સર્જનનો હેતુ અલગ છે.

પુષ્પાબહેનને ત્રણ દીકરીઓ છે... ભર્યું ભર્યું તેમનું ઘર છે... સામાન્ય સ્થિતિમાં ત્રણેય છોકરાઓને ભણાવ્યા... બધા સારું કમાય છે. દીકરાને ઘેર દીકરા છે... કોઇ કે એક વખત તેમને કહ્યું, "પુષ્પાબહેન, તમે તો બધી રીતે સુખી છો..." તરત જ તેમણે કહ્યું, 'ક્યારેક એમ થાય છે કે એકાદ દીકરી હોત તો સારૂં થાત.' બસ વાત આ જ છે. જે નથી તેનું રૂદન વધું છે...

સાસું ઘરમાં બે વહુઓની સરખામણી કરે છે, અને કીધે રાખે છે કે - કે

વિચાર યાત્રા
- જય ઓઝા

અમારી મોટી વહુ રસોઇમાં જબરી પાવરધી છે... નાની વહુને એવી આવડત ઓછી છે. પરંતુ એ જોતા નથી કે નાની વહુ બીજા પ્રકારની જે શક્તિ છે... તેની માટે તેને પ્રોત્સાહન આપવાનું તો બાજું પર જ રહી જાય છે...



ગુલાબ એ ગુલાબ છે... કમળ નથી... ઇશ્વરની આ દુનિયામાં દરેક ચીજ ખૂબ સિફતપૂર્વક બનાવવામાં આવી છે... હવે તેની સરખામણી બીજા સાથે કરીને આપણે ઇશ્વરનું જ અપમાન કરીએ છીએ...

પ્રિયદર્શનની ફિલ્મ 'વિરાસત' અને 'હેરાફેરી' વચ્ચે તુલના કરવી યોગ્ય જ નથી... - લતા મંગેશકર અને આશા ભોંસલે બંને બહેનો શ્રેષ્ઠ જ છે, તેમની તુલના કરી જ ન શકાય... બ્રેડમેન અને સચિનની સરખામણી શક્ય નથી.

ફિલ્મ 'બર્ફી' ના શુટીંગ વખતનો અનુભવ દિગ્દર્શક અનુરાગ બાસુ કહે છે કે, ફિલ્મમાં રણવીર કપૂરને કહ્યું કે તારે ચાલી ચેપ્લીન અને રાજકપૂરનું કોમ્બીનેશન કરવાનું છે... પરંતુ જ્યારે મેં તેની પાસેથી અદ્દલ ચેપ્લીન જેવા અભિનયની અપેક્ષા રાખી ત્યારે શોટ O.K. થતો જ નહીં... પછી બધું મેં તેની પર જ છોડી દીધું. અને તેણે કમાલ કરી નાખી... ફિલ્મમાં ઘણી એવી સિકવન્સ છે, એવા ઘણા શોટ્સ છે, જે રણવીરે સ્પોન્ટેનિયસ કર્યાં છે. સ્ક્રીપ્ટમાં ન હતા પરન્તુ સેટ પર આવતા જ તે 'બરફી ના પાત્રમાં એટલો ઓતપ્રોત થઇ જતો કે મારે તેને વધુ કંઇ જણાવવું જ નહોતું પડતું. તેવું જ પ્રિયંકા ચોપરા માટે પણ થયું... પ્રિયંકાના કહેવા પ્રમાણે તે જે મનોરોગીનું પાત્ર ભજવવાની હતી તેવા બીજા પેશન્ટ્સ વચ્ચે તે એક મહીનો રહી... અને ખૂબ તૈયારી કરીને જ્યારે તે સેટ પર આવી ત્યારે તેણે જે હાવભાવ આપ્યા તે પોતાના આગવા જ હતા...

જ્યારે કોઇ પણ વ્યક્તિને બીજાના જેવું બનવાનું કહેવામાં આવે છે, ત્યારે એમાં એ નિષ્ફળ નીવડે છે. દરેક વ્યક્તિમાં પોતાનું કંઇક આગવું અને વિશિષ્ટ તત્ત્વ રહેલું હોય છે. એને જ્યારે ભૂંસી નાંખવાનો લુપ્ત કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે, ત્યારે એમાં વિકૃતિ આવે છે. સ્વાભાવિક અને મૌલિકતા જતી રહે છે.

પરંતુ તે વ્યક્તિત્વની વિશિષ્ટતાને પિછાનીને એને અનુરૂપ ઓપ ચઢાવવામાં આવે છે, ત્યારે એ કંચનની માફક દીપી ઊઠે છે...

કારણ કે રમેશ એ રમેશ છે... સુરેશ કદી ન બની શકે...

ગુલાબ એ ગુલાબ છે કમળ નહીં!

જીવતા કાગળિયામાં રમમાણ રહેતા શિક્ષક, સર્જક શ્રી રવજીભાઈ કાચા

પ્રવૃત્તિએ જીવન છે ને નિવૃત્તિ મૃત્યુ છે, એનો જીવન મંત્ર ધરાવતાં આ સજ્જન ૫૦ વર્ષે ડ્રાઈવીંગ શીખ્યા અને મોટર પણ લીધી, અવિરત શબ્દ સાધના કરતા રવજીભાઈનું સંપાદન કાર્ય ગુજરાતના પ્રતિષ્ઠિત સામાયિકો, દૈનિકોમાં નિયમિત પણે દેખાયા જ કરે છે



એક હૃદય સ્પર્શી પ્રસંગથી શ્રી રવજીભાઇ કાચાને નજીકથી ઓળખીએ. તેઓ લાગણી ભીંના થઇ કહે છે કે, અમરેલીની પ્રતાપરાય આર્ટસ અને કમાણી સાયન્સ કોલેજમાં ૧૯૬૩-૬૪માં દાખલ થયો. ત્યારે ચાર વર્ષનો અભ્યાસક્રમ હતો. ત્રણ વર્ષ વર્ગ પ્રતિનિધિત્વ કર્યું. ૧૯૬૭-૬૮માં જી.એસ. બનેલ. તે સમયે પ્રાચાર્યમાં પૂ. દલપતભાઈ મુનીમ હતા. તેમને નજીકથી ઓળખવાનો અવસર મળ્યો. ૧૯૬૭-૬૮ જી.એસ. હતો. ત્યારની વાત છે. કૌટુંબિક પરિસ્થિતિ નબળી, આર્થિક રીતે મદદરૂપ બની શકાય એ હેતુથી હું સતત પ્રયત્નશીલ હતો. એ અરસામાં કોડીનારની સુગર ફેક્ટરીમાં ક્લાર્કની જરૂરીયાત હતી. જાહેરાત વાંચી અરજી કરી.

ઈન્ટરવ્યુ લેટર મળે છે. વિદ્યાર્થીકાળ હોવાથી, અન્ય સારી ઓળખ, લાગવત તો હતી નહી. ફેક્ટરીમાં કોઈ પરિચિત નહીં શું કરવું એની મુંઝવણ હતી. ગુરૂ વસંતભાઈ પરીખને વાત કરી. તેઓએ એટલે મારા પ્રત્યેની લાગણીથી પૂ. હીરાભાઈ શાહ સાહેબે પ્રિન્સીપાલશ્રી મુનીમ સાહેબને ભલામણ કરી. મુનીમ સાહેબે તુરત પત્ર લખી આપ્યો અને બોલ્યા: કાચા, આ જીવતાં કાગળિયાં (બાળકો) મુકી નિર્જીવ કાગળીયામાં શું કામ જાય છે? ત્યારે તો આ વાક્ય મને સમજાયેલું નહી. મનમાં એક જ ધૂન સવાર હતી, પરિવારને મદદરૂપ બનવાની. હું કોડીનાર ગયો.

મૌખિક ઈન્ટરવ્યુમાં પાસ થયો. ટાઈપ રાઈટીંગનું પ્રેક્ટીકલ બપોરે પછી ૫.૩૦ કલાકે હતું. હું રાહ જોતો બેઠો હતો. ત્યારે મુનિમ સાહેબનું વાક્ય મારા મગજમાં ઘુમરાવા લાગ્યું. પડઘાવા લાગ્યું. સૂચિતાર્થ સમજમાં આવ્યો. રોકવું કે ચાલ્યા જવું. એવી ગડમથલ

મોંઘેરા મોતી
- નટવર આહલપરા

ચાલી. કોઈ નિર્ણય ન હોતો કરી શકતો. શૂન્યમનસ્ક બેસી રહ્યો.

કોણે પ્રેરણા આપી, આલોક જગાડયો એ તો ખબર નથી. પણ હું ચંત્રવત ફેક્ટરીમાંથી પ્રેક્ટીકલ આપ્યા વિના જ બસમાં બેસી ગયો. સતત વિચાર આવતો હતો. મારે સજીવ કાગળીયા(બાળકો) વચ્ચે જીવવું છે ને હું શિક્ષક બની ગયો!

તા. ૧૭-૧૨-૧૯૪૫માં જન્મેલા શ્રી રવજીભાઈ એમ.એ., બી.એડ્., કોવિદ, સ્ટેનોગ્રાફર જેવી પદવીથી વિભૂષિત છે. તેઓએ આજીવન શિક્ષક રહી, ત્રેવીસ વર્ષ માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ૧૯૯૩થી આચાર્યપદે દીપક હાઈસ્કુલમાં અને એક વર્ષ પ્રતાપરાય આર્ટસ કોલેજ, અમરેલીમાં માનદસેવા આપી હતી.

રવજીભાઈના પરિચયથી આપણે ચોક્કસ જાણી શકીએ કે, જેમણે કમાણી ફોરવર્ડ હાઈસ્કુલમાં સતત ૧૭ વર્ષ સુધી એનસીસીના ચીફ ઓફિસર તરીકે સેવા આપી. કેટલાય કેડેટોને અનુશાસન પ્રિય બનાવ્યા હશે. બચપણથી જ શિક્ષણ, સામાજિક ઘડતર, ચણતર અને ગણતરમાં માતૃ સંસ્તાઓ શ્રી કામાણી ફોર વર્ડ હાઈસ્કુલ, શ્રી સમર્થ વ્યાયામ મંદિર અને કોંગ્રેસ સેવાદળને ઉન્નત મસ્તકે સ્મરે છે. શ્રી દશાણી સાહેબ, શ્રી નવલભાઈ જોશી, શ્રી કિશોરભાઈ મહેતાને તેઓ ભૂલ્યા નથી. મૂડી સમા મિત્રોની યાદ તાજી કરતાં તેઓ કહે છે કે, મિત્રોમાં દિનેશ વિઠ્ઠલાણી, ચીમનભાઈ જોશીએ મને નિવ્યાજ પ્રેમ આપ્યો છે. માતાપિતાનું તો ઋણ કેમ ચૂકવાય? પંક્તિઓ પ્રેરક છેઃ

'આપણા થકી અવતરી, અમી દુગ્ધપાત કરિયા,
શિર પર કર મૂકી, અમ જીવન સંવારિયા.'

રવજીભાઈના ધર્મપત્નિ અનસુયાબેન સંસાર જીવનમાં સુગંધ ભેળવી સુપુત્ર મયંક, સુપુત્રી સુકેશી, પુત્રવધુ કલ્યાણી, પૌત્ર જીત અને પૌત્રી ઋચાના અવતરણથી ઘર સ્વર્ગ બની ગયું છે. કેવી કૃપા ! પ્રવૃત્તિએ જીવન છે ને નિવૃત્તિ મૃત્યુ છે. એનો જીવન મંત્ર ધરાવતાં આ સજ્જન ૫૦ વર્ષે ડ્રાઈવીંગ

● અનુસંધાન પાન-૬ પર

આજના દિવસનો મહિમા
- ભાનુપ્રસાદ એસ. દવે

૨૫મી સપ્ટેમ્બર

● સ્પષ્ટવક્તા - લોકસેવા ને મંત્ર બનાવી આજીવન ઝઝૂમનાર 'ભેખધારી' 'છોટે સરદાર' ચંદુલાલ મણિલાલ દેસાઇની જન્મજયંતિ ૨૫-૯-૧૮૮૨.



● ૨૫-૯-૧૯૪૬ ભાવનગર જિલ્લાના ટાલગાજરડામાં મોરારિબાપુનો જન્મ. તીવ્ર સ્મરણશક્તિ - સુંદર વાકછટા શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દેનારા રામચરિત માનસના અભ્યાસી મર્મજ્ઞ અને કથાકાર, કલા-સંસ્કૃતિની સાહિત્ય સેવાની પ્રવૃત્તિ માટે ૧,૫૧,૦૦૦ નો નરસિંહ મહેતા પુરસ્કાર તેમના ટ્રસ્ટ દ્વારા ગુજરાતી સાહિત્યના ઉત્તમ પ્રદાન બદલ અપાયેલ છે.

● ૧૯૨૩ - સ્પેનિસ સફરી વારકોગુ એઝ બાલ્બોસાએ પેસિફિક મહાસાગર પાર કર્યો.

● ૧૯૨૯ - ભાવરાવ દેવાજી ખોબ્રાગેડે - રિપબ્લિકન પાર્ટી ઓફ ઇન્ડિયાના સ્થાપકનો જન્મદિન.

● ૧૯૯૦ - સવ્યસાચી મુખરજી સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશનું લંડનમાં અવસાન.

...લાઈટ ચાલુ કરી અને રઘુના પગ નીચેની ધરતી સરી ગઈ, રઘુ ચક્કર ખાઈ ગયો, રઘુએ જે બેનું ખૂન કર્યું હતું તે જ પિતા અને માતા હતા, રઘુ પાગલની જેમ રડ્યો, બેહોશ જેવો થઈ ગયો, તેના પસ્તાવાનો પાર ન હતા

રઘુનો જન્મ એક સાધારણ પરિવારમાં થયો હતો, અમદાવાદના વાડજ વિસ્તારની એક સામાન્ય ચાલીમાં તેનું બાળપણ વીતી રહ્યું હતું. પિતાજી સોમાજી લારી ચલાવી પેટીયું રળતાં હતા. મા બે ચાર બંગલામાં કપડાં વાસણ કરી કુટુંબની આર્થિક મદદ કરતી હતી. બસ, ત્રણ માણસોનો હતો એ પરિવાર, રહેવા પતરાંવાળું બે ઓરડા કહી શકાય તેવું ચાલીનું રહેઠાણ હતું. બહુ જ ગરીબાઇમાં દિવસો પસાર થઇ રહ્યાં હતા.

સ્કૂલમાં જવું, ભણવું આ બધી વાતોમાં કોઇને રસ ન હતો. પિતાજી ઘણવીર રઘુને ભણવા બાબતે ટકોરતા. મા પણ રઘુને કહેવાય તેટલું ઠપકા સ્વરૂપે કહેતી. પણ રઘુ ઉપર આ બધી વાતોની કોઇ અસર થતી નહીં.

લગભગ આખો દિવસ રઘુ એકલો જ હોય આથી તેના જેવા ભાઇબંધોની ટોળી જામવા લાગી. શરૂણાં રમતો રમતાં સૌ તોફાની પ્રવૃત્તિઓ તરફ વળ્યા હતા. નાની મોટી ચોરીઓ જેવું તેવો કરવા લાગ્યા હતા. ધીરે ધીરે સોમાનીને આની જાણ થઇ. તે રઘુને રીતસર મારતા અને ધમકી આપી પ્રવૃત્તિઓ છોડવા કહેતા. રઘુ રડીને થોડા દિવસ શાંત બેસતો પણ પછી પાછો મિત્રોની સોબતે ચઢવા લાગ્યો.

સોમાજી ભલે ગરીબ હતા પરંતુ હતા પ્રામાણિક. તેમને એમ હતું કે મારું જીવન ભલે આવું હોય પરંતુ રઘુ એક સારો - મોટો અને પૈસાદાર માણસ બને. આ વાત તે વારંવાર રઘુને કહેતા, પણ રઘુ ઉપર તેની ઝાઝી અસર પડતી હોય તેમ લાગતું ન હતું.

એક દિવસ બાઇક ચોરી કરતાં રઘુ પકડાયો. સોમાજી એ ઉછીના પાછીના કરી રઘુને જામીન ઉપર છોડાવ્યો. અને ઘેર લાવી ખૂબ ધમકાવ્યો. તે રાત્રે રઘુના

રઘુ... કેદી નંબર : ૩૦૨
- એક રોમાંચક વાર્તા
- હર્ષદરાય ઉપાધ્યાય

મનમાં કશુંક ચાલતું હતું. મોડી રાત્રે માતા-પિતાને ઊંગતા મૂકી રઘુએ ઘર છોડી દીધું. સીધો કાલુપુર સ્ટેશને થઇ મુંબઇ તરફ નીકળી પડ્યો. મનમાં તેણે નક્કી કર્યું હતું કે જીવનમાં એક દિવસ અમીર બની પિતાજીને દેખાડી આપીશ અને તેને મજૂરી ન કરવી પડે તેમ કરીશ.

મુંબઇ નગરી સૌને મોહિત કરે છે. ઘણાં ત્યાં નસીબ અજમાવા પહોંચે છે પરંતુ તેમાનાં કોઇક જ સફળ થાય છે. બાકીનાં ગુનાઓની ગલીઓમાં ગૂમ થઇ જાય છે, અને તેમનો ઇતિહાસ ત્યાં જ પૂરો થાય છે. રઘુ એક આવી જ ટોળીનાં હાથે ચઢી ગયો અને બની ગયો પાક્કો ચોર. ખૂન સુધી તેનામાં હિંમત આવી ગઇ હતી.

બે વર્ષ મુંબઇમાં વિતાવ્યાં છતાં ઝાઝું કમાઇ ના શક્યો એટલે છેવટે તેણે ઘેર પરત ફરવાનું નક્કી કર્યું. એ આવી પહોંચ્યોઅમદાવાદ.

ડરતો - ગભરાતો પોતાના ઘરે વાડજે પહોંચ્યો. પરંતુ ત્યાં ગયો ત્યારે તે ચમકી ગયો, કારણ કે જ્યાં ચાલી હતી ત્યાં વિશાળ મોલ ઊભો હતો. ચાલીવાળા સારી રકમ લઇ બીજે રહેવા જતા રહ્યા હતા. રઘુ પાસે પિતાનો મોબાઇલ નંબર હતો. તે નંબર ડાયલ કરવા ગયો પણ વિચાર આવ્યો કે હવે તો પૈસાદાર બનીને જ પિતાને મળવું છે.

બે ચાર દિવસ આમ તેમ ભટક્યો અંતે વસ્ત્રાપુર જેવા પોશ વિસ્તારના એક બંગલા ઉપર તેની નજર ગઇ. તપાસ કરી તો ત્યાં એક વૃધ્ધ અને તેની પત્નિ બે જ રહેતાં હતાં. બંગલાનો નંબર ૩૦૨ હતો.

● અનુસંધાન પાન-૬ પર